# અઢી વર્ષની કામાખ્યા હનુમાન ચાલીસા કડકડાટ બોલે છે

## ભારતની ઘણી માહિતી કંઠસ્થ છે : ગ્રાસ્પીંગ પાવરમાં કોમ્પ્યુટર જેવુ મગજ ધરાવતી કામાખ્યા ગાંધીનગરનું રતન

ગાંધીનગર, તા. ૩

નર્સરીમાં જઈ એ,બી,સી,ડી, શીખવાની ઉંમરે ગાંધીનગરમાં રહેતી અઢી વર્ષની કામાખ્યાને દુનિયાના



દોઢસોથી વધુ દેશો અને તેની રાજધાનીના નામ મોઢે છે. ભારત દેશની ઘણી માહિતી તે આંખો મીંચીને બોલી જાણે છે. તો હનુમાન ચાલીસા અને આરતીઓ તેને કંઠસ્થ છે. ગાંધીનગરનું આ અદ્‌ભૂત રતન આગળ જતાં આપણા શહેરનું નામ દેશ-વિદેશમાં રોશન કરે તેવી પુરેપુરી શક્યતા છે.

આજના સમયમાં નોકરી મેળવવાની હાડમારીમાં લોકો જી.કે.ના ક્લાસીસમાં પ્રવેશ મેળવીને બધુ ગોખી રહ્યા છે, ત્યારે તેનાથી તદન વિપરિત પ્રતિભા નીખરીને બહાર આવી રહી છે. મૂળ સાંચોર, રાજસ્થાની અને હાલ ગાંધીનગર નિવાસી કામાખ્યા રાઠી માત્ર અઢી વર્ષની ઉંમરમાં ગજબની યાદ શક્તિ ધરાવે છે. ઈશ્વરની દેન અને માતા-પિતાની મહેનત યાદશક્તિ ધરાવે છે. ઈશ્વરની દેન અને માતા-પિતાની મહેનત તથા સહયોગના પરિણામે કામાખ્યાની આગવી પ્રતિભા ખીલીને બહાર આવી રહી છે. તેનાં પિતા સુનિલ રાઠી વ્યવસાયે પ્રધ્યાપક છે. છેલ્લા અઢી-ત્રણ વર્ષથી આ પરિવાર ગાંધીનગરમાં જ રહે છે. કામાખ્યાના ઘરનું વાતાવરણ જ એવું રહ્યું છે કે તેને બોલતી થઈ ત્યારથી જ નવું-નવું જાણવા તથા શીખવાની જીજીવિસા રહી છે.

કામાખ્યા - મા દુર્ગાનું બીજુ નામ કામાખ્યાનાં નામની જેમ તેની પ્રતિભા પણ આગવી તથા અનુપમ છે. પિતાની વ્હાલી દીકરીને સૌ વ્હાલથી 'છવિ'નાં નામે ઓળખે છે. 'એ ફોર એપલ અને બી ફોર બોલ..' શીખવાની સાવ નજીવી અઢી વર્ષની ઉંમરમાં છવિ મોટેરાઓને પણ આશ્ચર્યચકિત તથા અચંબિત કરી દે તેવું સામાન્ય જ્ઞાન તથા અદ્‌ભૂત યાદશક્તિ ધરાવે છે. છવિમાં કોઈપણ વાતને ઝડપથી ગ્રહણ કરી લેવાની અદ્‌ભૂત શક્તિ છે. તે કોઈપણ વ્યક્તિનાં મોઢેથી બોલેલી વાતને તરત જ સાંભળીને યાદ રાખી લે છે. છવિને ભારત દેશનાં તમામ રાજ્યો, રાજાની, રાષ્ટ્રિય ચિન્હો અને રાષ્ટ્રિય ઉદ્યાનોનાં નામો તથા સ્થળ કંઠસ્થ છે. આ ઉપરાંત ૧૫૦ થી વધુ દેશો તથા રાજ્યોની રાજધાની પણ તેને કંઠસ્થ છે. દેશ-વિદેશની ૫૦ થી વધુ મોટી હસ્તીઓનાં ચહેરાં તથા નામ તેને કંઠસ્થ છે. કહેવા જઈએ તો છવિમાં એવી પ્રતિભા છે કે તેને 'ઓલરાઉન્ડર' કહી શકાય. દેશ-વિદેશની જાણકારીઓ સિવાય જો ધાર્મિક બાબતો પર નજર કરીએ તો તેને પુરી હનુમાન ચાલીસા તથા વિવિધ ૧૫ જેટલી આરતી કંઠસ્થ છે.

દેખાવે એકદમ સૌમ્ય તથા સ્વભાવે ચંચળ છવિ સાથેની વાતચીત દરમ્યાન એ જાણવાં મળ્યું કે તેને મોટા થઈને 'મેરીકોમ' થવાની ઈચ્છા છે. તેને એક બોક્સર બનવું છે. આ ઉપરાંત તેને નૃત્યનો પણ શોખ છે તથા રોજ સવારે તે માતા-પિતા સાથે યોગા તથા વ્યાયામ પણ કરે છે.

જ્યારે છવિનાં માતા-પિતા સાથે તેની પ્રતિભા વિશે વાતચીત કરવામાં આવી ત્યારે છવિની માતા પૂજા વ્યવસાયે પ્રધ્યાપક હોવાથી ઘરે ટ્યુશન લેતાં, ત્યારે છવિ તમામ ભણાવેલ વાતચીતને યાદ રાખી લેતી અને બીજા દિવસે વિદ્યાર્થીઓને પુછવામાં આવે ત્યારે તે જવાબ આપી દેતી. આમ, માતા-પિતાને તેની પ્રતિભાની જાણકારી થઈ કે છવિમાં ખૂબ જ ત્વરિત ગ્રહણશક્તિ છે. અને તેને બહાર લાવવા માટે તેમણે છવિ પાછળ ખૂબ જ મહેનત કરી છે.

કહેવાય છે ને કે પ્રતિભા તો દરેક વ્યક્તિમાં હોય છે, પરંતુ તેને શોધીને બહાર લાવવી એ ખરી ખૂબી છે. જેને વાંચવા-લખતાં પણ ના આવડતું હોય એવું રમતિયાળ નાની ઉંમરનું બાળક જે આટલી બધી તીવ્ર યાદશક્તિ ધરાવે એ ઈશ્વરની દેન તથા છવિની ચપળતા અને માતા-પિતાનાં પુરા સહયોગને માની શકાય. મૂળ હિન્દી ભાષી છવિને ગુજરાતી ભાષા પણ સારી આવડે

● અનુસંધાન પાન-૭ પર



લીલી ભાજી - શીયાળાના આગમનને પગલે બજારમાં લીલી ભાજી થોકબંધ ઠલવાય છે... મેથીની ભાજી, તાંદળજાની ભાજી, પાલકની ભાજી જેવી અનેક લીલી ભાજી ઠેર ઠેર નજરે પડે છે... પ્રોટીન્સ અને વીટામીન્ટથી ભરપૂર લીલા શાકભાજી શીયાળામાં ખાવા જોઈએ એમ તબીબી વિજ્ઞાનના તજજ્ઞો કહે છે... પરંતુ આપણા વડીલો પણ આ જ વાત વર્ષોથી સમજાવે છે... કે શીયાળામાં લીલા શાકભાજીથી શરીરનું બંધારણ સુદૃઢ બને છે... શીયાળાને ઉજવવાનો અર્થ જ એ થાય છે કે લીલા શાકભાજી ખાઈને તંદુરસ્ત રહો... (તસવીર : કશ્યપ નિમાવત)

# આજે ગાંધીનગરમાં તાજીયા જુલુસ નીકળશે

ગાંધીનગર, તા.૩

કરબલામાં માનવતા અને ન્યાય ખાતર શહીદી વહોરનાર ઈમામ હુસેન-હસનની યાદમાં ઉજવાતા માતમ પર્વ યોમે-આસુરા (મહોરમ) નિમિત્તે ગાંધીનગર શહેર અને જિલ્લાના વિવિધ સ્થળોએ આવતીકાલે તા. ૪થી નવેમ્બરને મંગળવારના રોજ તાજીયા જુલુસ નીકળશે. આ પર્વ શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે માટે ગાંધીનગર પોલીસે સલામતીના ભાગરૂપે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો છે.

ઈસ્લામ ધર્મના પંગબર સાહેબના દૌહિત્ર હજરત ઈમામ હુસેન અને તેમના ચુનંદા ૭૨ સાથીઓ સાથે માનવતા કાજે કરબલા ખાતે વહોરેલી શહાદતની યાદમાં ગાંધીનગરના વિવિધ સ્થળોએ તાજીયા જુલુસ નીકળશે. ગાંધીનગર શહેરમાં બપોરે ત્રણ વાગે, જોહરની નમાઝ બાદ સેકટર-૨૪, સેકટર-૨૯ અને સેકટર-૨૮ (ચરેડી)ના તાજીયા હુસેની ચોક, સેકટર-૨૯થી નીકળીને ઘ-૬ નજીક એકત્ર થશે તે પછી ઘ-૬, ઘ-૫, ૧૭-૨૨, ચ-૫, સેકટર-૨૧ મસ્જીદ, સેકટર-૨૧ શાકમાર્કેટ, સેકટર-૩૦ (ચાર રસ્તા), ગુરુદ્વારા થઈ સેકટર-૩૦ સર્કલ (કરબલા ખાતે) ઠંડા કરવામાં આવશે. તાજીયાની સાથે ઉંટલારી, ઢોલ નગારા, શરબત-દૂધ કોલ્ડ્રીંકની ટ્રકો-વાહનો પણ જોડાશે. આ જુલુસનું સંચાલન ત્રણેય તાજીયાના અગ્રણીઓ સર્વશ્રી દરીયાખાન સિપાહી, વલી મહંમદ મીયાણા, ઈમામશા દિવાન, ફીરોઝ બલોચ, ઉમરશા દિવાન, હુસેનભાઈ મનસુરી, યુસુફભાઈ મનસુરી, આઝાદભાઈ મનસુરી તથા બાબુભાઈ મનસુરી કરશે.

કોમી એકતાના પ્રતિક સ્વરૂપ પૂજ્ય કૈલાસદીદી (બ્રહ્માકુમારી), અરૂણભાઈ બુચ, ધારાસભ્યો સર્વશ્રી અશોકભાઈ પટેલ, શંભુજી ઠાકોર, પૂનમભાઈ મકવાણા તથા મેયર મહેન્દ્રસિંહ રાણા, આશીષભાઈ દવે, પ્રવીણભાઈ પટેલ, કોંગ્રેસના અગ્રણીઓ જશુભા રાણા, નીશીતભાઈ વ્યાસ, સી.જે. ચાવડા, પોપટભાઈ પટેલ તથા શહેરના અગ્રણીઓ રજુજી ગોલ, કેશરીસિંહ વાઘેલા, જીતેન્દ્રસિંહ વાઘેલા તથા શહેરના વસાહતી અગ્રણીઓ વિવિધ સ્થળોએ તાજીયા જુલુસનું સ્વાગત કરશે.

ગાંધીનગર શહેર ઉપરાંત પેથાપુર, છાલા, સાદરા, પોર, ખોરજ, દહેગામ, બહીયલ, કડાદરા, કરોલી, ધારીસણા, બીલમણા, માણસા તથા ઈટાદરા વગેરે સ્થળોએ પણ ભવ્ય જુલુસ યોજાશે.

# સ્વર્ણિમ પાર્કની કામગીરી પૂર્ણતાના આરે

## વાઈબ્રન્ટ સમિટ પૂર્વે કામગીરી પૂર્ણ કરી દેવાશે : લોન, પ્લાન્ટેશન, વિવિધ પ્રકારના પ્લાઝા તૈયાર વોટરબોડીનું કામ પણ પૂર્ણતાના આરે

ગાંધીનગર, તા. ૩

નગરના મધ્ય વિસ્તારમાં આકાર લેતા સ્વર્ણિમ પાર્કને નિખારવાનું કામ ટુંકમાં પૂર્ણ કરી દેવાશે. ઘ-૪ થી ચ-૪ વિસ્તારમાં વિવિધ પ્રકારના પ્લાઝા તેમજ હરિયાળી લોન અને પ્લાન્ટેશનનું કામ પૂર્ણ કરી દેવાયું છે. જ્યારે બે સપ્તાહમાં વોટરબોડી પણ અસ્તિત્વમાં આવી જશે. આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી સ્વર્ણિમ પાર્કના બીજા તબક્કાના કામમાં ગતિ આવી છે.

શહેરની આગવી ઓળખ સમા સ્વર્ણિમ પાર્કની કાર્યયોજના અન્વયે હાલ બીજા તબક્કાની કામગીરી હાથ ધરવામાં આવી છે. પ્રથમ તબક્કામાં ગ-૪ થી ઘ-૪ વચ્ચે ફૂટપાથ, રસ્તા, લોન, પ્લાન્ટેશન તેમજ સીટીંગ અમ્બ્રેલા સહીતનું કામ પૂર્ણ કરવામાં આવ્યું હતું જ્યારે ઘ-૪ થી ચ-૪ વચ્ચેના વિસ્તારમાં પણ વિવિધ આકર્ષણો ઉભા કરવાનું કામ પ્રગતિ હેઠળ છે. આ વિસ્તારમાં વિવિધ પ્રકારના પ્લાઝા તેમજ હરિયાળી લોન વચ્ચે પ્લાન્ટેશનનું કામ પૂર્ણ કરી દેવાયું છે. વિવિધ પ્રકારના રોપાઓના લીધે પણ ઉદ્યાનમાં આકર્ષણ છવાશે જ્યારે હરિયાળી લોન વચ્ચે સહેલાણીઓ માટે બેસવાની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે. હાલ સ્વર્ણિમ પાર્કમાં વોટરબોડીનું કામ ચાલી રહ્યું છે. આગામી બે સપ્તાહમાં વોટરબોડીનું કામ પણ પૂર્ણ થઈ જશે. જ્યારે આગામી વાઈબ્રન્ટ સમિટ પૂર્વે સ્વર્ણિમ પાર્કની યોજના અન્વયે કામગીરી પૂર્ણ કરી દેવાશે. સ્વર્ણિમ પાર્કનું કામ વાઈબ્રન્ટ પૂર્વે પૂર્ણ કરી દેવા માટે હાલ કામગીરી તેજ ગતિએ ચાલી રહી છે.



સમૂહ લગ્નોત્સવ - રામધામ વાવોલ ખાતે તુલસી વિવાહના પાવન પ્રસંગે ગરીબ પરિવારોની આગિયાર દિકરીઓના સમૂહ લગ્ન યોજાયા હતા. શ્રીમદ ભાગવત કથાના પ્રેમયજ્ઞમાં સામાજીક આહુતિ સ્વરૂપે યોજાયેલ કાર્યક્રમ કોઈની પણ આંખ ભીની કરી દે એવો માહોલ સર્જાયો હતો. જનસેવા એ જ પ્રભુ સેવા એ સુત્રની સાર્થકતા જાણે કથા મંડપમાં યથાર્થ થતી હોય એવી અનુભૂતિ ભાવિકોમાં વર્તાતી હતી. રામધામના સંવાહકો તથા વ્યાસાસને બિરાજમાન મધુસુદનજી મહારાજ અભિનંદનના અધિકારી છે. મધુસુદન મહારાજે આશીર્વચનમાં એવી અપેક્ષા વ્યક્ત કરી કે જે દિકરીના સાસરે શૌચાલયની વ્યવસ્થા નહીં હોય ત્યાં શ્રી રામધામ દ્વારા શૌચાલય બંધાવી અપાશે... કથાના મંડપમાં પ્રસંશનીય પહેલ કરાઈ છે, અને આ જ સાચો ધર્મ અને આ જ સાચી ભગવદ સેવા....

# પાટનગર યોજનાનો પાર્કીંગ શેડ ભયજનક અત્યાર સુધી ૧૦ ઘવાયા

## પાર્કીંગ શેડમાં વચાળે જ લોખંડની એંગલ વાહનચાલકોને દેખાતી નથી : પેટા વિભાગ-૩ના અધિકારીઓના પેટનું પાણી હલતુ નથી

ગાંધીનગર, તા.૩

પાટનગર યોજના ભવન સામે સ્થિત પાર્કીંગ શેડમાં આડેધડ લોખંડની એંગલ ફીટ કરી દેવાતા અત્યાર સુધીમાં ૧૦થી વધુ વ્યકિતઓ અકસ્માતનો ભોગ બન્યા છે. લાખોના ખર્ચે તૈયાર કરાયેલા પાર્કીંગ શેડમાં આડશરૂપ ફીટ કરાયેલી લોખંડની એંગલનો વાહનચાલકોને પ્રાથમિક દૃષ્ટિએ ખ્યાલ આવતો નથી જેના પરિણામે અકસ્માત સર્જાય છે. આ અંગે પાટનગર યોજના વિભાગના પેટા વિભાગ નંબર-૩ સમક્ષ અનેકવાર રજૂઆત કરવા છતાં કોઈ પગલા લેવાતા નથી જેના પરિણામે ભવનમાં આવતા મુલાકાતીઓની સલામતી જોખમમાં મુકાઈ છે.

આમ નાગરિકોને માળખાગત સુવિધા પુરી પાડવા ઉપરાંત વિકાસના અનેકવિધ કામોની જવાબદારી જેના શીરે છે તેવા પાટનગર યોજના વિભાગની વિવિધ ડીવીઝનલ કચેરીઓમાં બાબુઓને જાણે પ્રજાના પ્રશ્નો સાંભળવામાં કોઈ રસ જ ન હોય તેવી સ્થિતિ છે. જેના લીધે અનેકવાર આમ નાગરિકોએ ધક્કે ચઢવાનો પણ વારો આવે છે. ભવનના અધિકારીઓ તંત્રની નજર સમક્ષ ઉદભવેલી સમસ્યા નિવારવા માટે પણ સતત દુર્લક્ષ્ય સેવી રહ્યા છે ત્યારે સેકટરોમાં ઉઠતી પ્રજાની પોકારને ડામવા કેટલા ઉત્સુક હશે તેનો સ્પષ્ટ ખ્યાલ આવી જાય તેવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પાટનગર યોજના વિભાગના પેટા વિભાગ-૩ કક્ષાએથી ભવનને



અનુલક્ષી અગાઉ પાર્કીંગ શેડ બનાવવામાં આવ્યો હતો પરંતુ આ શેડમાં લોખંડની એંગલ વચાળે જ ફીટ કરી

● અનુસંધાન પાન-૭ પર

# સે-૨૪ના ડબલ ડેકર વિસ્તારમાં ગટર લાઈનની કામગીરી ઠપ્પ!!

## સ્થાનિક રહીશો વાંધો ઉઠાવતા ૧૦ દિવસથી કામ બંધ રહીશોમાં આક્રોશ

ગાંધીનગર, તા.૩

સે-૨૪ના ડબલડેકર વિસ્તારમાં ગટરલાઈનનું કામ અટવાયું છે. સ્થાનિક રહીશે લાઈનના કામ સંદર્ભે વાંધો ઉઠાવતા હાલ આ વિસ્તારના રહીશોની સમસ્યા પેચીદી બની છે. ગટરલાઈનનું કામ ઝડપથી પૂર્ણ કરવા સ્થાનિક મહિલાઓએ તંત્ર સમક્ષ પણ રજૂઆત કરી રોષ ઠાલવ્યો હતો.

સેકટર-૨૪માં છેલ્લા ઘણા સમયથી પાણી, ગટર અને રસ્તાની પાયાની સુવિધાઓના મામલે ભારોભાર સુવિધાઓ ઉભી થવા પામી છે. સેકટરમાં છાશવારે ગટરો ઉભરાતા ગંદકીની સ્થિતિ વચ્ચે નાગરિકોએ ગુંગળામણ વેઠવાનો વારો આવ્યો છે. ઈન્દિરાનગર વિસ્તારમાં પણ ગટરલાઈનની સમસ્યા જટીલ બની હતી. જો કે તંત્ર દ્વારા કામ હાથ ધરાતા રહીશોએ હાંશકારો અનુભવ્યો છે. હાલ સે-૨૪માં ગટરો ઉભરાવવાની સમસ્યાને ડામવા ગટરલાઈનનું કામ હાથ ધરવામાં આવ્યું છે. પરંતુ બે સ્થાનિક રહીશોએ વાંધો ઉઠાવતા કામગીરી છેલ્લા ૧૦ દિવસથી ઠપ્પ થઈ ગઈ છે. ગટરલાઈનની કામગીરી દરમિયાન અન્ય લાઈનો તુટી જવાનો ભય વ્યકત કરી તંત્રના કામમાં અવરોધ ઉભો કરાતા અન્ય રહીશોમાં પણ પ્રબળ આક્રોશ પ્રવર્ત્યો છે. આ મામલે આ વિસ્તારની મહિલાઓએ ગટરલાઈનનું બાકી કામ પૂર્ણ કરવા તંત્ર સમક્ષ રજૂઆત પણ કરી હતી. જો કે દિવાળી પહેલા અટવાયેલી આ કામગીરી હજુ પણ શરૂ ન થતા રહીશોમાં આક્રોશ પ્રવર્ત્યો છે. આ સ્થિતિના લીધે આ વિસ્તારના ઘણા ઘરા ઘરોમાં લાઈનના જોડાણનું કામ પણ અટવાઈ પડયું છે.


લાખ લાખ અભિનંદન



મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીમાં કાર્યકારી કુલપતિ તરીકે શસક્ત, બાહોશ, કર્મઠ અને કર્તવ્યનિષ્ઠ પ્રોફેસર ડો. એચ. એન. વાઘેલાની નિમણુંક રાજ્ય સરકાર દ્વારા કરીને સહુનો સાથ સહુનો વિકાસ મુળ મંત્રને ચરિતાર્થ કરતાં તેમને લાખ લાખ અભિનંદન પાઠવતાં હર્ષ, ગૌરવ અને આનંદની અનુભૂતિ પામીએ છીએ. આ ઉમદા નિર્ણય માટે રાજ્ય સરકારશ્રીનો આભાર માનીએ છીએ.

શુભેચ્છક
પ્રો. આર. કે. રાવલિયા
(આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, પ્રાંતિજ)
ડો. વિનોદ કે. રાવલિયા
(પ્રમુખ સ્વામી, મેડીકલ કોલેજ, કરમસદ)

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com